# ટ્રાફિક સેન્સ – વિદ્યાર્થીઓ - વાલીઓ

આજકાલ અમદાવાદ શહેરમાં લાયસન્સ વગર વાહન ચલાવતા વિદ્યાર્થીઓને આમ કરતા રોકવા માટેની ઝૂંબેશ ટ્રાફિક પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે. ા સમય દરમિયાન જોયેલ એક દશ્યે ખૂબ જ અકળામણમાં મૂકી દીધો. દશ્ય કંઇક આમ હતું - શાળાની વિદ્યાર્થિની કે જેની ઉંમર સોળ-સત્તર વર્ષ હશે. તેની પાસે વાહન ચલાવવાનું લાયસન્સ ન હતું. ટ્રાફિક પોલીસે રોકવાનો પ્રયત્ન કરતાં પોતાનું વાહન ઝડપી ચલાવવાનો પ્રયત્ન કરેલ. છતાં પોલીસે રોકેલ. ત્યારબાદ પોલીસ સામે દાદાગીરીથી વાત કરવાની શરૂઆત. પોલીસ શાંત પણ મક્કમ. બે જ મિનિટમાં પેલી વિચર્થિનીનું વાહન સાઇડ પર મૂકાવી દીધું. ત્યારે મનમાં કેટલાક પ્રશ્નો અને વિચારો ઊભરી આવ્યા. પ્રશ્ન એ થયો કે, ટ્રાફિકના કાયદાનોભંગ કરનાર નાની ઉંમરની આ વિદ્યાર્થિનીને પોલીસથી છટકવા ભાગી જવાનો વિચાર આવ્યો એ જ આપણા આજના સમાજનું કલંક કહી શકાય. એટલું જ નહીં પણ પોતે ગૂનેગાર છે, એમ જાણવા છતાં પોલીસ સામે ઉગ્રતાથી વાતની શરૂઆત કરનાર આ વિદ્યાર્થિનીમાં આવા સંસ્કાર આવ્યાં ક્યાંથી? શું આ માટે આપણે વાલીઓ, શાળા, સમાજ વગેરે જવાબદાર નથી? આ માટે આપણે આપણા વિદ્યાર્થીરૂપી બાળકોમાં કેટલાક સંસ્કારો ઇરાદાપૂર્વક આપીશું? શરૂઆત આ લેખથી જ કરીએ.

વિદ્યાર્થીઓને ત્રણ ભાગમાં વહેંચીશું. પરાથમિકશાળાના, માધ્યમિક શાળાના અને કોલેજના વિદ્યાર્થીઓ. આ ત્રણે પ્રકારના વિદ્યાર્થીઓ પાસે જુદી જુદી અપેક્ષા રાખી શકાય. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં નાના ભૂલકાં તો વાહન ચલાવવા ખૂબ જ નાનાં પડે છે. જેથી આવા બાળકો વાહન ચલાવીને કાયદાનો ભંગ કરે છે કે અશિસ્ત ઊંભી કરે છે તેમ કહેવું કે ધારણા ધરવામાં આપણે ખોટાં પડીએ. આમછતાં આ નાનાભૂલકાઓ જ ટ્રાફિકના કેટલાક પ્રશ્નો ઉકેલી શકે તેમ છે ! માટે આવાં ભૂલકાં પ્રાથમિક શાળાના બાળકોને એક વિનંતી કે, તમે જ્યારે તમારા વાલી સાથે વાહનમાં બેસીને બહાર જાઓ ત્યારે જો તમારા વાલી ટ્રાફિકના નિયમનો ભંગ કરતાં હોય તો તેમને રોકો. તમારા વાલીને માત્ર એટલું જ કહો કે,"પપ્પા તમે આ કર્યું તે યોગ્ય ન હતું, મને ન ગમ્યું." દોસ્તો, તમારા આ શબ્દોની અસર તમારા મા-બાપ પર ખુબ જ મોટા પ્રમાણમાં થશે. ટ્રાફિક પોલીસની ધમકીની કે દંડની જેટલી અસર નહીં થાય તેટલી અસર તમારા આ શબ્દોની થશે. તો બાલદોસ્તો, આ રીતે તમે તમારા વાલીના પોલીસ બનો અને તેમને કાયદાનોભંગ કરતા રોકો. આમ કરવાથી તમને પણ એક ફાયદો થસે કે તમે પોતે પણ મોટા બનશો ત્યારે આ રીતે કાયદાનો ભંગ કરશો નહીં.

માદ્ધ્યમિકશાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને એટલું જ કહેવાનં કે દોસ્તો, તમે હજુ અઢાર વર્ષથી નાની ઉંમરના છો. તમારામાં વાહન ચલાવવા માટેની પૂરતી પરિપકવતા નથી. તમે બે વર્ષ મોડું વાહન ચલાવશો તો તેમાં આસમાન તુટી પડવાનું નથી, કે નથી તમારે એવી તાતી જરૂરિયાત કે જેમાં વાહન ન ચલાવવાથી નુકશાનમાં ઉતરી જશો. બસમાં મુસાફરી કરતાં પણ સિનિયર સિટીઝન કે શારીરિક અશક્ત માણસોને મદદરૂપ તાવ. તમારું જોઇને નાના શીખશે અને મોટા પોતાની જાત અને વિચારોમાં પરિવર્તન લાવશે. કેટલાક વિદ્યાર્થી મિત્રો અન્ય વિદ્યાર્થીને વાહન ચલાવતા જોઇને તેમાંથી વાહન ચલાવવાની પરેરના લેશે. જે સારી બાબત નથી. પ્રેરણા લેવી હોય કે અનુકરણ કરવું હોય તો બીજી ઘણી અનેક સારી બાબતો છે. એવી પ્રેરણા લો કે અનુકરણ કરો કે જેના કારણે તમારા વાલી કે શિક્ષક ગૌરવ અનભવે. આ રીતે કાયદો તોડીને કોઇપણ કામ કરવાથી વટ નથી પડતો, પણ તમારી ઇમેજમાં ઘટ પડે છે. તમે લાયસન્સ વગર વાહન નહીં ચલાવો તો તેમાં તમને અને દેશને જ ફાયદો છે. પેટ્રોલનું ખર્ચ અને મા-બાપની ચિંતા ટળશે.

ભાઇ કોલેજીયનો તો મોટા ચે. તેમને સલાહ ન આપવાની હોય. હા... મિત્ર ભાવે કેટલાક સૂચન કરવાનું રોકી શકતો નથી. અરે ભાઇ, તમે જ્યારે બાઇક અને બહેનશ્રી તમે જ્યારે સ્કૂટી-કાયનેટીક એક્ટિવા ચલાવતા હોય ત્યારે તો ઓ બાપ...... અમને ડર લાગે ચે. અમે તમારી સાથે લોહીનો કોઇ જ સંબંધ ધરાવતા હોતા નથી છતાં અમને તમારી ચિંતા તાય ચે કે આ લોકો શું કરી રહ્યાં ચે, કેવી રીતે વાહન ચલાવે છે? તેમાં પણ ચાર રસ્તા પર સૌથી છેલ્લે એન્ટ્રી લઇને સૌથી પહેલાં ઊભા રહેવાનો માત્ર તમારો જ હક્ક હોય તેમ તમારું વર્તન વડિલોને મૂંઝવે છે- આંચકો આપે છે. દોસ્તો, તમારી ઉંમરની જરૂરિયાતો- આકાંક્ષાઓ, રસ-રુચિ અમે જાણીએ છીએ. તમારી હરકતો પાછળના મનોવૈજ્ઞાનિક કારણો અમે જાણીએ છીએ. છતાં થોડું વધારે પ્રમાણમાં બની રહ્યું હોય તેવો અનભવ અમને ચિંતિત બનાવે છે. તમને નવું કરવાનું ગમે, કશુંક અલગ કરવાનું ગમે, તમારી પ્રવૃત્તિ તરફ બીજાનું ધ્યાન દોરાય તે તમને ગમે, તમને સ્વતંત્રતા ગમે, તમારો વટ પડે તેવું તમને ગમે. પણ દોસ્તો આ માટે ઘણાં ક્ષેત્રો છે. જીવને હોડમાં મૂકીને, બીજાને અડચણરૂપ બનીને, બીજાને મુશ્કેલીમાં મુકીને તમે ઉપરોક્ત જેવી તમારી જરૂરિયાત સંતોષો તે કેટલા અંશે યોગ્ય ગણાય? તમે અન્ય હકારાત્મક ક્ષેત્રો પકડો અને તેમાં તમારો વટ પડી જાય તેવું કરો. અમે સૌ તમારા માટે ગૌરવ અનુભવીશું. આજે પણ ઘણી કોલેજોમાં વિદ્યાર્થીઓના વાહનો ક્યાં અને કેવી રીતે પાર્કિંગ કરેલા હોય છે? ચોકીદાર કદાચ તમને રોકે કે ટોકે તો તમને નથી ગમતું. દોસ્તો, ત્યારે એટલું જ વિચારો કે ચોકીદાર તમારો દુશ્મન નથી કે નથી તમને હેરાન કરવા માંગતો. એક વ્યવસ્થાના ભાગરૂપે જ્યારે તે તમને સૂચન કરે તો સોરી કહીને સ્વીકારીને ફરજ પ્રત્યેની તેની નિષ્ઠાને માન આપો.

વિદ્યાર્થી એટલેકે આવતીકાલના નાગરિક પાસે સમાજની અપેક્ષા એટલી જ છે કે તમે કાયદાનો ભંગ ન કરો અને જે કરે છે તેને પ્રેમથી રોકો. અહીં સૌ વાલીમિત્રોએ પણ પોતાની ફરજ બજાવવી જોઇએ. પોતાના બાળક પ્રત્યે પ્રેમ હોય-સહાનુભૂતિ હોય પણ આ પ્રેમમાં ક્યાંક સંસ્કાર આપવાનું તો નથી ચૂકી જતાંને? પોતાનું બાળક ક્યાંય કાયદાનો ભંગ તો નથી કરી રહ્યોને તેનું સતત ધ્યાન રાખો. એવું ખોટું પ્રોત્સાહન અને સગવડતા ન આપો કે જેનાથી તે કાયદાનો ભંગ કરવા પ્રેરાય. અહીં બે આઇ.પી.એસ. અધિકારીઓને ધ્યનવાદ આપવા ઘટે. એક ચે વલસાડ જિલ્લાના પોલીસ વડા શ્રી ડી.જે. પટેલ અને બીજા અધિકરી છે અમદાવાદ ગરામ્ય જિલ્લાના પોલીસ વડા શશિકાન્ત ત્રિવેદી. આ બંને અધિકારીઓને પોતાના બાળકોને સૂચના આપતા સાંભળેલા છે. બંને અધિકારીઓએ સ્પષ્ટ પણે પોતાના બાળકોને એકથી વધુ વખત જણાવેલ છે કે, વાહન ચલાવતા કાયદાનો ભંગ કરીને અમને ફોન ન કરતાં. પોલીસ જે સૂચના આપે તેનું પાલન કરજો. એ બાબતમાં અમે તમારો ક્યારેય બચાવ નહીં કરીએ અને ભૂલથી પણ જો અમારું નામ વટાવ્યું તો અમે જ પોલીસને બે દંડા મારવાની સૂચના અપીશું. સલામ ચે આવા પોલીસ અધિકારીઓને. આ પોલીસ અધિકારીઓમાંથી પણ અન્ય વાલીએ પરેરણા લઇને પોતાના બાળકોનો ખોટો-લૂલો બચાવ કરવાથી દૂર રહેવું જોઇએ. આજે તો ઘણાં વાલી કે વિદ્યાર્થીને પોલીસ પકડે તો તરત જ ઓળખીતા પી.આઇ. કે પી.એસ.આઇ.ને ફોન કરશે. આવા વાલીમિત્રોએ પેલા પોલીસ અધિકારીઓમાંથી કશીક પ્રેરણા લેવી જોઇએ. ટૂકમાં વાલીમિત્રોએ એવાં વર્તન અને વિચારો કરવા જોઇએ કે જેમાંથી તેમનું બાળક ખોટું શીખે નહીં અને હકારાત્મક વર્તન કરવા પ્રેરાય.